# જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન

## ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

"સ્વામી વિવેકાનંદભવન" આઝાદ ચોક જૂનાગઢ–૩૬૨૦૦૧

ફોન નં. ૦૨૮૫–૨૬૨૨૦૮૯, ફેકસ નં. ૦૨૮૫–૨૬૫૧૫૧૦

ઈ–મેલ – municipalcorporationjund@yahoo.co.in


જૂ.મ.ન.પા./એડીએમ /ફાયર નં. 207/2016 તા. 1-12-2016

## સ્કુલ ફાયર સેફટી મેનેજમેન્ટ સરકયુલર 10

આથી ફાયર સેફટી મેનેજમેન્ટ માસ પબ્લીક અવેરનેસના ભાગરૂપે ક્રિષ્ના સ્કુલ, કુંભકોનમ, ચેન્નાઈ ની ફાયર જેમાં ૯૪ બાળકોના મૃત્યુઆંક જેવી દુર્ઘટના જુનાગઢ શહેરમાં ન બને તે માટે ગુજરાત રાજયના જૂનાગઢ શહેરની જાહેર જનતાને ખાસ જાગૃત કરવામાં આવે છે કે, જુનાગઢ શહેરની કોઈપણ ગર્વમેન્ટ કે પ્રાઈવેટ સ્કુલમાં અત્યંત જવલનશીલ લેબોરેટરી કેમીકલ, ગેસ, ઈલેકટ્રીકલ, ફર્નીચર તથા અન્ય પ્રકારની આગ લાગવાના ખતરા રહેલા હોય છે. જો સ્કુલ જેવા મહત્વના બિલ્ડીંગ જેવા અભ્યાસના સ્થળોમાં જ આગ લાગે તો બાળકો, શિક્ષકો, મુલાકાતીઓ તથા અન્ય સ્ટાફ ને આગથી જાનમાલનું નુકસાન થવાની શકયતા રહેલા હોય છે. જેથી શરૂઆતના સ્ટેજમાં ફાયર ફાઈટીંગ થઈ શકે તે માટે સ્કુલ બિલ્ડીંગ માં ગુજરાત સ્ટેટ ફાયર પ્રીવેન્શન એન્ડ લાઈફ સેફટી મેજર્સ એકટ–૨૦૧૩, નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડીયા ૨૦૦૫ પાર્ટ–૪ ફાયર લાઈફ સેફટી મેજર્સ, જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન ફાયર સેફટી મેજર્સ તથા બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ કોડ મુજબ જરૂરી ફાયર સેફટી મેનેજમેન્ટ સીસ્ટમ ૨૪×૭ કલાક અસરકારક પરિસ્થતિમાં રાખવી ફરજીયાત છે.

જેથી ભવિષ્યમાં શરૂઆતની આગને પ્રાથમિક સ્વરૂપમાં જ ઝડપથી શોધીને કાબુમાં લઈ શકાય અને મોટી જાનહાની કે સંપતિને નુકસાન થતુ રોકી શકાય છે.

(પ્રદિપસિંહ રાઠોડ)
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર,
જૂનાગઢ મહાનગરપાલિકા.